# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

## પાંચમું સત્ર

## બુધવાર, ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯

## <u>સવારે ૧૦:૦૦ વાગ્યે</u>

1. **<u>પ્રશ્નોત્તરી</u>**

(1) **<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>**

(૧) માનનીય કૃષિ, ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર મંત્રીશ્રી

(૨) માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી

(૩) માનનીય શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી

(૪) માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) મંત્રીશ્રી

(૫) માનનીય પ્રવાસન, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી

(૬) માનનીય સહકાર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(2) **<u>અતારાંકિત પ્રશ્નોત્તરી</u>**

પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી અતારાંકિત યાદી

2. **<u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>**

(1)

(ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૧૭-૧૮ના વર્ષનો ઓડીટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૧૭-૧૮ના વર્ષનો ઓડીટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

**<u>.......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ</u>**

(2)

અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૮-૨૦૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**<u>..... માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર</u>**

(3)

સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ લગાડવાના બનાવની તપાસ માટે રાજ્ય સરકારે નીમેલ જસ્ટિસ નાણાવટી અને જસ્ટિસ મહેતા તપાસ પંચનો અહેવાલ ભાગ-૨ તથા આ અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો

**<u>..... માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા</u>**

(4)
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૫-૨૦૧૬નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**..... માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(5)
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષનો ગ્રામ પંચાયતોનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવા અંગેનું નિવેદન

**..... માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(6)
રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના તા. ૨૯/૦૭/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૯/૮/પીડીએસ/૧૦૨૦૧૭/૯૨૨૮૨/ક-૧

**....... માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા**

## 3. વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

(1)
અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રથમ અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી પ્રદિપભાઇ પરમાર/સભ્યશ્રી**

(2)
અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના ત્રીજા અને ચોથા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી મોહનભાઇ ઢોડિયા/સભ્યશ્રી**

## 4. પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ

રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જ્યંતિની ઉજવણી સંદર્ભમાં આ સભાગૃહ એ બાબતે ગૌરવ લે છે કે સત્ય અને અહિંસાના પૂજારી, યુગપુરૂષ, મહામાનવ તેવા પૂજ્ય ગાંધીજીએ અહિંસક આંદોલન દ્વારા "હિંદ છોડો" ના નારાથી બ્રિટિશ સલ્તનતની ગુલામીની જંજીરમાંથી ભારતને મુક્ત કરી દેશને આઝાદી અપાવી.

ગાંધી એ વ્યક્તિ નહી પણ વિચાર છે અને તેથી રાજ્ય સરકાર પૂજ્ય ગાંધીજીની રામ-રાજ્યની કલ્પનાને ફળીભૂત કરવા કટિબદ્ધ છે. પૂજ્ય ગાંધીજીના સંસ્મરણોને સદાય જીવંત રાખવા રાજ્ય સરકારે દાંડી સ્મારક, રાજકોટ ખાતે ગાંધી મ્યુઝીયમ તથા પોરબંદર ખાતે કસ્તુરબા સ્મારક જેવા પ્રકલ્પોનું નિર્માણ કર્યું છે. વૈશ્વિક સમસ્યાઓનું નિરાકરણ ગાંધી માર્ગે જ શક્ય છે. સામાજીક સમરસતા, સ્વચ્છાગ્રહ અને સ્વદેશીનો પૂજ્ય ગાંધીજીનો સંદેશ આજે પણ પ્રસ્તુત છે.

પૂજ્ય ગાંધીજીની મનોભૂમિમાં અને કર્મભૂમિમાં "સર્વોદય" નો મંત્ર હંમેશ ગુંજતો રહ્યો. સહુના ભલામાં આપણું ભલું, સૌના કામની કિંમત એકસરખી અને સાદું અને પરિશ્રમયુક્ત જીવન જ સાચું જીવન છે તેવી દ્રઢ માન્યતા ધરાવનાર

વિશ્વના સૌથી વધુ સન્માનજનક તેવા આ મહામાનવના આદર્શોનો અમલ કરવાની પ્રતિજ્ઞા સાથે આ સભાગૃહ પૂજ્ય ગાંધીજીની ૧૫૦મી જન્મ જ્યંતિની ઉજવણી પ્રસંગે તેઓને નતમસ્તક કોટી કોટી વંદન કરે છે.

5. <u>સરકારી વિધેયકો</u>

(1)
સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૨૦૧૯નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
<u>........માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા</u>

(2)
સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૩-સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (દ્વિતીય સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
<u>........માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ</u>

(3)
સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૩૭-સન ૨૦૧૯નું સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તાર, વિકાસ અને પ્રવાસન નિયમન વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન
<u>........માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ</u>

6.
<u>છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)</u> :(૬૦ મિનિટ)
<u>માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈ મુસડીયાનો પ્રસ્તાવ</u>

રાજ્યમાં વિવિધ ભરતીઓની પરીક્ષાઓમાં ગેરરીતિઓ સામે આવતાં પરીક્ષાઓ રદ કરવાની, પરીક્ષાઓ મોકૂફ રાખવાની, પરિણામો મોકૂફ રાખવા સહિતના બનાવો વધતા જાય છે. તેના કારણે મોંઘુ શિક્ષણ અને ટ્યુશન ક્લાસમાં ઉંચી ફી ભરીને મહિનાઓ સુધી તૈયારીઓ કરતાં રાજ્યના યુવાન-યુવતીઓમાં અસંતોષ પ્રવર્તે છે, ત્યારે રાજ્યમાં થતી સરકારી ભરતીઓમાં પારદર્શિતા લાવવા આ સભાગૃહ ચર્ચા-વિચારણ કરે.

7.
<u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો</u>

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવા.

<u>........સચિવશ્રી , ગુજરાત વિધાનસભા</u>

(શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી), (શ્રી ડી. એમ. પટેલ),

I I

******************